# Phone call between Prime Minister Shri Narendra Modi and H.E. SUGA Yoshihide, Prime Minister of Japan

September 25, 2020

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને જાપાનનાં વડાપ્રધાન મહામહિમ સુગા યોશિહિદે વચ્ચે ફોન પર વાતચીત

સપ્ટેમ્બર 25, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જાપાનનાં વડાપ્રધાન મહામહિમ સુગા યોશિહિદે સાથે ફોન પર વાતચીત કરી હતી.

વડાપ્રધાને જાપાનનાં વડાપ્રધાન સુગાને જાપાનનાં વડાપ્રધાન તરીકેની તેઓની વરણી થવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને તેઓનાં ધ્યેયો પૂર્ણ કરવામાં સફળતા મળે તે માટે તેઓને શુભેચ્છા પાઠવી હતી.

બન્ને નેતાઓ એ બાબત સાથે સંમત થયા હતા કે ભારત-જાપાનની વિશેષ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીએ છેલ્લા કેટલાક વર્ષોમાં ખુબ જ પ્રગતિ કરી છે અને પારસ્પરિક વિશ્વાસ અને સમાન મૂલ્યોનાં આધાર પર આ સંબંધ વધારે મજબૂત કરવાની તેઓનાં ઈરાદાઓ વ્યક્ત કર્યા હતા.

બન્ને નેતાઓએ અનુમોદન કર્યું હતું કે કોવિડ-19 મહામારી સહિતનાં વૈશ્વિક પડકારો ધરાવતા આજનાં સમયમાં બન્ને દેશો વચ્ચેની ભાગીદારી વધારે સુસંગત બની છે. તેઓએ ભારપૂર્વક કહ્યું હતું કે મૂક્ત, ખુલ્લા અને સમાવેશક ઈન્ડો-પેસિફિક પ્રાંતની આર્થિક સંસ્થાપના સ્થિતિસ્થાપક પૂરવઠા સાંકળો પર ઘડાવી જોઈએ, અને આ સંદર્ભમાં, ભારત, જાપાન અને અન્ય એકસમાન વિચારો ધરાવતા દેશો વચ્ચે સહકારને આવકાર આપ્યો હતો.

બન્ને નેતાઓએ બન્ને દેશો વચ્ચે આર્થિક ભાગીદારીમાં થયેલી પ્રગતિની પ્રશંસા કરી હતી, અને આ સંદર્ભમાં, વિશેષ કૌશલ્યો ધરાવતા કર્મચારીઓ સંબંધિત સમજૂતિનાં લખાણનાં અંતિમ રૂપને આવકાર્યું હતું.

વડાપ્રધાને જાપાનનાં વડાપ્રધાન સુગાને વૈશ્વિક કોવિડ-19 મહામારી દ્વારા પેદા થયેલી પરિસ્થિતિ સુધર્યા બાદ વાર્ષિક દ્વિપક્ષીય શિખર સંમેલન માટે ભારતની મુલાકાત લેવા માટે આમંત્રણ પાઠવ્યું હતું.

**નવી દિલ્હી**

**સપ્ટેમ્બર 25, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's nd may be referred to as the official press release.